આકાશવાણી, અમદાવાદ

01-04-2026 Midday: 2.30 to 2.35pm

WEDNESDAY Regional News

## HANUMAN JANMOTSAV OVERALL

રાજ્યભરમાં હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી વહેલી સવારથી હનુમાન મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. બોટાદના સુપ્રસિદ્ધ સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરમાં હનુમાન જન્મોત્સવની ઉજવણીમાં જોડાવવા દેશવિદેશથી ભક્તો આવ્યા છે. આ અંગે અમારા પ્રતિનિધિનો અહેવાલ સાંભળીએ.

ડાંગમાં હનુમાન જન્મોત્સવ નિમિત્તે દાદાની પાલખીયાત્રા યોજાઈ. મારૂતિ હનુમાન મંદિર, અટાળાધામ તેમજ હનુમાનજીના જન્મસ્થળ તરીકે જાણિતા અંજનકુંડ સહિત આહવા નજીક આવેલા બોરખેતના સાગી હનુમાન, બારીપાડા, ભાપખલ, ગોટીયામાળ, વઘઈના મકરધ્વજ હનુમાન, કિલાદની અંબિકા નદીમાં બિરાજમાન તડકીયા હનુમાન જેવા વિવિધ હનુમાનજીના સ્થાનકો પર હવન, યગ્ન અને મહાઆરતી સાથે ભજન-કીર્તન કરાયા. આ અંગે દર્શનાર્થી ઉત્પલ પુરોહિતે વધુ માહિતી આપી.

નવસારીમાં પણ મંદિરમાં હનુમાન દાદાની પૂજા-અર્ચના કરવામાં આવી. વિરવાડીમાં આવેલા 500 વર્ષ જૂના હનુમાન મંદિરમાં ભક્તોની ભીડ ઉમટી છે. ઉપરાંત બિલિમોરા, ચીખલી, ખેરગામ અને વાંસદાના ગ્રામ્ય વિસ્તારમાં પણ હનુમાન જન્મોત્સવની ઉજવણી સાથે વિવિધ સેવાકીય કાર્ય હાથ ધરાયા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના લોકોને હનુમાન જન્મોત્સવની શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પટેલે લખ્યું, શ્રી રામભક્ત સંકટમોચન સૌને સુખ, શાન્તિ અને સમૃદ્ધિ આપે તથા બળ, બુદ્ધિ અને વિદ્યા પ્રદાન કરી જીવનના તમામ સંકટ દૂર કરે તેવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

## BANASKANTHA CHAITRI POONAM

શક્તિપીઠ અંબાજી મંદિરમાં ચૈત્રી પૂનમ નિમિત્તે આજે મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે પહોંચ્યા છે. શક્તિદ્વાર સુધી ભક્તોની લાંબી કતાર જોવા મળી તેમજ . “બોલ માડી અંબે જય જય અંબે”ના નાદથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું છે. ચૈત્રી પૂનમ નિમિત્તે મંદિરને રંગબેરંગી ફૂલોથી શણગારવામાં આવ્યું છે.

## STATE WEATHER UPDATE

હવામાન વિભાગે સાંજે સૌરાષ્ટ્ર—કચ્છ, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનનો પારો 37 ડિગ્રી સૅલ્સિયસ સુધી પહોંચ્યો છે.

દેવભૂમિદ્વારકા જિલ્લાના મિઠાપુર, વરવાળા વિસ્તાર, ખંભાળિયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કમોસમી વરસાદ થતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

## MAHISAGAR BHADAR DAM

મહીસાગરમાં ભાદર બંધનું સમારકામ ચાલતું હોવાથી બંધમાંથી વહેલી સવારે પાણી છોડવામાં આવ્યું છે. પાણીનું સ્તર જાળવીને સમારકામની કામગીરી શરૂ કરાશે.

## LOCAL BODIES ELECTION

પાટણમાં ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેના દાવેદારોની સેન્સ લેવાની પ્રક્રિયાનો પ્રારંભ કરાયો છે. પ્રદેશના ત્રણ નિરીક્ષકની ટુકડીએ પાટણના વિવિધ નિર્ધારિત સ્થળ પર ઈચ્છુક ઉમેદવાર અને સંગઠનના અપેક્ષિત કાર્યકર્તાઓની રજૂઆત સાંભળવાની પ્રક્રિયા હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લાની નવ તાલુકા પંચાયતની 170 બેઠક, એક જિલ્લા પંચાયતની 32 અને પાટણ તથા સિદ્ધપુર નગરપાલિકાની 80 બેઠક, રાધનપુર નગરપાલિકાના વૉર્ડ નંબર બે-ની એક મળી કુલ 318 બેઠક માટે આગામી 26 ઍપ્રિલે મતદાન થશે.

મહેસાણામાં પણ ઊંઝા, વિસનગર, કડી, વિજાપુર અને બહુચરાજી એમ કુલ પાંચ નગરપાલિકાની 160 બેઠક પર ચૂંટણી યોજાશે. તેમાં એક લાખ 87 હજાર 329 જેટલા મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

તો, રાજકોટમાં મહાનગરપાલિકાના 18 વૉર્ડ ઉપરાંત રાજકોટ જિલ્લા પંચાયતની 36 બેઠક, 11 તાલુકા પંચાયતની 202 બેઠક અને ગોંડલ નગરપાલિકાના 11 વૉર્ડમાં સામાન્ય ચૂંટણી યોજાશે. આ માટે એક હજાર 186 મતદાન મથક તૈયાર કરાશે.